CITY pulse
email: citypulse@gujaratmitra.in
ગુજરાતમિત્ર
શુક્રવાર ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૬


## સહજ રંગોળી ગ્રુપનું ઓનલાઈન પ્રદર્શન : વડોદરાના કલાકારોએ દર્શાવી અનોખી ગણેશ ભક્તિ

# રંગોની આરાધનામાં ગણેશભક્તિનો અનોખો સંગમ




## ગણેશજીના 15 સ્વરૂપો રંગોળીમાં જીવંત થયા

ગણેશ ચતુર્થીનો પર્વ માત્ર ભક્તિ અને આસ્થાનો ઉત્સવ નથી, પરંતુ ભારતીય કલા અને સંસ્કૃતિના રંગોને ઉજાગર કરવાનો અવસર પણ છે. આ ભાવનાને સાકાર કરતાં સહજ રંગોળી ગ્રુપ દ્વારા આ વર્ષે ગણેશ ચતુર્થી નિમિત્તે ગણેશજીના વિવિધ સ્વરૂપોને રંગોળીની કલામાં રજૂ કરતું અનોખું ઓનલાઈન રંગોળી પ્રદર્શન યોજવામાં આવ્યું છે.સહજ રંગોળી ગ્રુપ વર્ષ દરમિયાન ધાર્મિક, સામાજિક તેમજ વિવિધ પ્રસંગોની થીમ આધારિત રંગોળી પ્રદર્શનોનું આયોજન કરે છે. ખાસ વાત એ છે કે આ તમામ પ્રદર્શનોનો મુખ્ય હેતુ કળાને લોકો સુધી પહોંચાડવાનો તેમજ કલાકારોને પોતાની પ્રતિભા રજૂ કરવા માટે મંચ પૂરો પાડવાનો છે. સાથે જ રંગોળીની દુનિયામાં નવા પ્રવેશતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવાની દિશામાં પણ ગ્રુપ સતત કાર્યરત છે.સહજ રંગોળી ગ્રુપ અત્યાર સુધીમાં અંદાજે 56 રંગોળી પ્રદર્શનોનું આયોજન કરી ચૂક્યું છે. વડોદરાની કલાપ્રેમી જનતાને રંગોળીની કલા શીખવવા માટે વર્ષમાં બે વખત નિઃશુલ્ક રંગોળી કાર્યશિબિરનું આયોજન પણ કરવામાં આવે છે.આ પહેલ અંતર્ગત અત્યાર સુધીમાં આશરે 32 નિઃશુલ્ક રંગોળી વર્કશોપ યોજાઈ ચૂક્યા છે, જેમાં 5,000થી વધુ વિદ્યાર્થીઓએ નિઃશુલ્ક રંગોળીની તાલીમ મેળવી છે. આ આંકડો માત્ર એક આંકડો નથી, પરંતુ નવી પેઢી સુધી પરંપરાગત ભારતીય કલાને પહોંચાડવાના સતત પ્રયાસનું પ્રતિબિંબ છે. આ વર્ષે ગણેશ ચતુર્થીના પાવન અવસરને વધુ કલાત્મક બનાવવાના હેતુથી ગ્રુપ દ્વારા ગણેશજીના વિવિધ સ્વરૂપોની કુલ 15 રંગોળી તૈયાર કરવામાં આવી છે. દરેક રંગોળીમાં ગણેશજીના અલગ-અલગ સ્વરૂપ, ભાવ અને કલાત્મક અભિવ્યક્તિને રંગો તથા આકારોના માધ્યમથી રજૂ કરવામાં આવશે.આ પ્રદર્શનને માત્ર સ્થળ પર આવીને જોવાની મર્યાદામાં ન રાખી, ડિજિટલ માધ્યમ દ્વારા વધુમાં વધુ લોકો સુધી પહોંચાડવાનું આયોજન કરવામાં આવ્યું છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર આ રંગોળીઓ પ્રદર્શિત કરવામાં આવી છે. ભક્તિ જ્યારે રંગો સાથે મળે અને કલા જ્યારે સંસ્કૃતિ સાથે જોડાય, ત્યારે સર્જાય છે એક અનોખી અનુભૂતિ–સહજ રંગોળી ગ્રુપનું આ ગણેશ ચતુર્થી ઓનલાઈન પ્રદર્શન એ જ કલાત્મક ભાવનાનું સુંદર ઉદાહરણ બનશે.


**56 પ્રદર્શનો અને 32 નિઃશુલ્ક વર્કશોપની સફર**

















# એક ઈંચના ગણપતિ બાપ્પા
# પર્યાવરણ રક્ષણનો મોટો સંદેશ

**મુંબઈથી ખાસ ઓર્ડર કરેલી માટીની મૂર્તિ**

**વીણા ધારણ કરેલા લલિત સ્વરૂપના ગણેશજી અને 'લોટસ ટેમ્પલ' આધારિત સજાવટે ભક્તિ સાથે સર્જનાત્મકતાનો અનોખો સંગમ સર્જ્યો**

ગણેશોત્સવ એટલે ભક્તિ, શ્રદ્ધા અને ઉત્સાહનો પર્વ. સામાન્ય રીતે ગણેશજીની વિશાળ અને ભવ્ય મૂર્તિઓ આકર્ષણનું કેન્દ્ર બનતી હોય છે, પરંતુ વડોદરામાં એક પરિવાર માત્ર એક ઈંચના ગણેશજીની સ્થાપના કરીને ભવ્યતાની નવી વ્યાખ્યા આપી રહ્યો છે. કદમાં નાનકડા આ બાપ્પા પોતાના સ્વરૂપ કરતાં પણ અનેકગણો મોટો પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપી રહ્યા છે. વડોદરાના ભક્ત હિતેશ પટેલે સતત બીજા વર્ષે મુંબઈથી ખાસ ઓર્ડર આપીને એક ઈંચની શુદ્ધ માટીની ગણેશ મૂર્તિ મંગાવી છે. નાનકડી હોવા છતાં અત્યંત બારીક કારીગરી ધરાવતી આ મૂર્તિ ગણેશભક્તો અને કલાપ્રેમીઓ માટે વિશેષ આકર્ષણ બની છે. હિતેશ પટેલની આ પહેલ પાછળ માત્ર ભક્તિ જ નહીં, પરંતુ કલા પ્રત્યેનો ઊંડો લગાવ પણ જોવા મળે છે. તેઓ દર વર્ષે મુંબઈથી અલગ-અલગ થીમ પર આધારિત એક ઈંચની ગણેશ મૂર્તિ તૈયાર કરાવે છે. આ પરંપરાની શરૂઆત શંકરજી સ્વરૂપના ગણેશજીથી થઈ હતી. ત્યારબાદ શેષનાગ સ્વરૂપ અને સિદ્ધિવિનાયક સ્વરૂપ, મહેમદાબાદની થીમ પર આધારિત મૂર્તિઓ તેમના ઘરે બિરાજમાન થઈ ચૂકી છે. આ વર્ષે બાપ્પાને વીણા ધારણ કરેલા લલિત કલાત્મક સ્વરૂપમાં તૈયાર કરવામાં આવ્યા છે. મૂર્તિની વિશેષતા માત્ર તેના એક ઈંચના કદમાં નથી. આટલી નાની મૂર્તિમાં પણ કલાકારે ઝીણામાં ઝીણી વિગતોને સુંદર રીતે ઉપસાવી છે. મૂર્તિ તૈયાર થવામાં આશરે ચાર મહિનાનો સમય લાગે છે. આ માટે હિતેશ પટેલ મુંબઈના કલાકાર નિતેશભાઈ મિસ્ત્રીનો સંપર્ક કરે છે. નિતેશભાઈ દર વર્ષે આવી માત્ર 11 મૂર્તિઓ જ બનાવે છે.




**'લોટસ ટેમ્પલ'ની થીમમાં બાપ્પાનું આગવું સ્વાગત**



આ વર્ષે મૂર્તિ સાથેનું ડેકોરેશન પણ વિશેષ રીતે તૈયાર કરવામાં આવ્યું છે. સમગ્ર સજાવટની થીમ દિલ્હીના પ્રખ્યાત લોટસ ટેમ્પલ (કમળ મંદિર) પરથી પ્રેરિત છે. કમળના આકાર અને તેની કલાત્મક રચનાને ધ્યાનમાં રાખીને તૈયાર કરાયેલા સેટઅપમાં એક ઈંચના ગણેશજી વધુ નયનરમ્ય લાગે છે.આ સમગ્ર આયોજનમાં હિતેશ પટેલનો પરિવાર પણ ઉત્સાહપૂર્વક જોડાય છે. ભવ્યતા કરતાં વિચાર અને સર્જનાત્મકતાને મહત્વ આપતી આ ગણેશ સ્થાપના પરિવાર માટે ભક્તિનો વાર્ષિક ઉત્સવ બની ગઈ છે.હિતેશ પટેલ જણાવે છે કે મુંબઈમાં ગણપતિ ઉત્સવ અને વિસર્જન નિહાળવા જતાં તેઓએ એક વ્યક્તિના ઘરે એક ઈંચની ગણેશ મૂર્તિ જોઈ હતી.

## ગણેશમૂર્તિથી 'વિસર્જન પછી' સુધી...

# બાળકોએ બતાવ્યો પર્યાવરણમૈત્રી ગણેશોત્સવનો નવો વિચાર

**ફટકડીથી પાણી શુદ્ધિકરણ, ગોળથી શરબત અને ચોકલેટથી મિલ્કશેક વિસર્જન પછી પણ ઉપયોગી રહે તેવી મૂર્તિઓની અનોખી કલ્પના**

ગણેશ ચતુર્થી નજીક આવતાં શહેર અને જિલ્લામાં ગણેશમૂર્તિઓના આગમનની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. પર્યાવરણ અંગેની વધતી જાગૃતિને કારણે માટી સહિત કુદરતી સામગ્રીમાંથી ગણેશમૂર્તિઓ બનાવવાનો ટ્રેન્ડ પણ વધી રહ્યો છે. પરંતુ પાદરા સ્થિત ધ્યાના સંશોધન નગરીના બાળકોએ પર્યાવરણમૈત્રી ગણેશોત્સવના વિચારને એક પગલું આગળ લઈ જઈને એક સવાલ ઊભો કર્યો છે–'મૂર્તિનું વિસર્જન થઈ ગયા પછી શું?' આ સવાલનો જવાબ શોધવાના પ્રયાસરૂપે બાળકોએ એવી ગણેશમૂર્તિઓ તૈયાર કરી છે, જેમાં વિસર્જનને અંત નહીં, પરંતુ એક નવા ઉપયોગની શરૂઆત તરીકે જોવામાં આવ્યું છે. "When Creativity Meets Seva Ganpati Mahotsav Becomes a Celebration of Nature" થીમ હેઠળ તૈયાર કરાયેલી આ રચનાઓમાં ભક્તિ, કલ્પનાશક્તિ, સેવા અને પર્યાવરણ સંરક્ષણનો અનોખો સમન્વય જોવા મળે છે.સામાન્ય રીતે ગણેશમૂર્તિ બનાવતી વખતે તેના સ્વરૂપ, રંગ, સજાવટ અને કદ પર ધ્યાન આપવામાં આવે છે. ધ્યાના સંશોધન નગરીના બાળકોએ જોકે વિચારને આગળ વધારીને મૂર્તિ કઈ સામગ્રીમાંથી બનાવવામાં આવે અને વિસર્જન પછી તેનો શું ઉપયોગ થઈ શકે, તેના પર ધ્યાન કેન્દ્રિત કર્યું.ફટકડીમાંથી બનાવેલી ગણેશમૂર્તિ



પાણીની ટાંકીમાં વિસર્જિત કરીને પાણી શુદ્ધિકરણ સાથે જોડવાનો વિચાર રજૂ કરે છે. આમ, બાપ્પાની મૂર્તિનું વિસર્જન પાણીની શુદ્ધતા સાથે જોડાય છે.બીજી તરફ ગોળમાંથી બનાવેલી ગણેશમૂર્તિ પાણીમાં ઓગળ્યા બાદ શરબતના પ્રસાદમાં રૂપાંતરિત કરવાની કલ્પના રજૂ કરવામાં આવી છે. જ્યારે ચોકલેટની ગણેશમૂર્તિ દૂધમાં વિસર્જિત કરીને તેને મિલ્કશેક પ્રસાદ તરીકે ઉપયોગ કરવાનો વિચાર બાળકોની સર્જનાત્મકતાનું આગવું ઉદાહરણ છે.




### બાળકો પાસેથી મળતો મોટો સંદેશ

પર્યાવરણમૈત્રી ગણેશોત્સવની ચર્ચા સામાન્ય રીતે મૂર્તિ માટે માટીનો ઉપયોગ, કુદરતી રંગો અથવા કૃત્રિમ સામગ્રીનો ઓછો ઉપયોગ કરવા સુધી સીમિત રહે છે. ધ્યાના સંશોધન નગરીના બાળકોએ તેમાં એક મહત્વપૂર્ણ પ્રશ્ન ઉમેર્યો છે–'**વિસર્જન પછી મૂર્તિનું શું?**'
આ પ્રશ્ન જ આ પહેલને વિશેષ બનાવે છે. ગણેશજીના આગમનથી લઈને વિસર્જન અને ત્યારબાદના ઉપયોગ સુધીની સમગ્ર પ્રક્રિયાને પર્યાવરણ સાથે સાંકળવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.
બાપ્પાનું આગમન આનંદ આપે અને તેમની વિદાય પછી પણ પ્રકૃતિને કંઈક મળે–આ વિચાર સાથે ધ્યાના સંશોધન નગરીના બાળકોએ ગણેશોત્સવને માત્ર ભક્તિનો નહીં, પરંતુ સર્જનાત્મકતા, સેવા અને કુદરત સાથેના સંબંધનો ઉત્સવ બનાવવાનો સંદેશ આપ્યો છે.